# અહો વૈચીત્ર્યમ્ !

– દીનેશ પાંચાલ

કયું કારણ હશે, ખબર નથી; પણ માણસને વાળ કાળા જ ગમે. દાંત ધોળા જ ગમે. ચામડી ગોરી જ ગમે. પત્ની રુપાળી જ ગમે. પુરુષોને પગાર પુછો તો થોડોક વધારે કહેવાનું મન થાય. સ્ત્રીને ઉંમર પુછો તો તે ઓછી કહે. બોર્ડમાં જે ફર્સ્ટ આવ્યો હોય એ ઝંખે કે કોઈ એને રીઝલ્ટ પુછે; પણ જે નાપાસ થયો હોય એ ઈચ્છે કે કોઈ એને રીઝલ્ટ ન પુછે તો સારું. છોકરી ડૉક્ટરને પરણી હોય તો ગૌરવભેર કહે– ‘મારો વર ડૉક્ટર છે !’ પણ ધારો કે એનો પતી સ્મશાનમાં ભાડુતી ડાઘુની નોકરી કરતો હોય તો ? (આ માત્ર કલ્પના નથી, આવું થતું હોય છે. એક યુવતીને દાતણ વેચતા યુવક જોડે પ્રેમ થઈ ગયો. લગ્ન કરી નાખ્યા. તે ચબરાક યુવતી તેની સહેલીઓને કહે છેઃ ‘મારો હસ્બન્ડ ટીમ્બર મર્ચન્ટ છે ! ’) કોઈ માણસ વેશ્યાગામી હોય તો પણ વેશ્યાના ગળામાં વરમાળા પહેરાવવાનું પસંદ નથી કરતો. *સંડાસનો ઉંબરો આરસનો ભલે હોય પણ શ્રદ્ધાળુઓ સવારે તેની પર ફુલ મુકતાં નથી અને ગાય ગંદીગોબરી હોય તો ય લોકો તેને માથે–પુંછડે હાથ અડાડે છે ! સમાજમાં દરેક વસ્તુની કીંમત પ્રસ્થાપીત થયેલી છે. આપણા મનના કમ્પ્યુટર પર દરેકના ભાવ લખેલા હોય છે. સમાજ જોડે વર્તતી વખતે આપણી નજર એ ‘પ્રાઈસલીસ્ટ’ પર રહેતી હોય છે.*

ઘણી બાબતોમાં માણસે સ્થળ, કાળ અને સમય પ્રમાણે બદલાવું પડે છે. એ જુદી વાત હતી કે હરીશ્ચંદ્ર સ્મશાનમાં નોકરી કરતા હતા ત્યારે ખુદના દીકરાની લાશ બાળવાના પૈસા પત્ની પાસેથી માંગ્યા હતા. પણ આજે ફાઈવસ્ટાર હૉટલના દરવાજે દરેકને સલામ મારતો દરવાન ઉભો હોય અને તેની પત્ની અને બાળકો હોટલમાં ગ્રાહક બનીને આવે તો દરવાન તેમને સલામી ભરતો નથી. મંદીરમાં માથું ઓઢીને પુજા કરતી નવોઢા મધુરજનીમાં પણ માથું ઓઢી રાખે તો મધુરજની કટુરજની બનતાં વાર ન લાગે. કોઈનું મૈયત થાય ત્યારે મીષ્ટાન્નની અપેક્ષા રાખતો સમાજ, કોઈના છુટાછેડા થાય ત્યારે પેંડા માંગતો નથી. (જો કે અમારા મીત્રના વીવાહ તુટી ગયા ત્યારે મીત્રોએ પાર્ટી માંગેલી. વાત કંઈક એમ બનેલી. મીત્ર એક છોકરી જોવા ગયા. છોકરી ગમી ગઈ. વીવાહ થઈ ગયા. પણ બીજે દીવસે તે છોકરી એક ટપોરી સાથે ભાગી ગઈ. મીત્રે દુઃખી દીલે પોતાના ભાઈબંધોને એ વાત જણાવી. સૌએ તેને અભીનંદન આપી કહ્યું, ‘તું આબાદ બચી ગયો. વીચાર કર લગ્ન થઈ ગયા પછી એ ભાગી ગઈ હોત તો ? તારી પાસે ફર્સ્ટક્લાસનો પાસ હતો. પણ તું થર્ડક્લાસમાં બેસવા જઈ રહ્યો હતો. તે ભાગી ના ગઈ હોત તો જીન્દગીભર તારે ‘ચાલુ’ ક્લાસમાં મુસાફરી કરવી પડી હોત !’)

માણસને ખાળકુવાની ગંદકી ગમતી નથી, એથી એણે ઢાંકણ શોધ્યું. મૃત્યુ દર્શનીય ચીજ નથી એવું સમજાયા બાદ કફન શોધ્યું. કહે છે–‘ઝભલામાં અને કફનમાં ખીસું નથી હોતું. માણસ ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે !’ વાત સાચી, પણ ઝભલા અને કફન વચ્ચે વીસ્તરેલી જીન્દગીમાં

ઠેરઠેર ગજવાં હોય છે તેનું શું ? ખાલી ગજવાવાળી જીન્દગીના બુરા હાલ  થાય છે. ભીખારીના દીલમાં પ્રવેશ કરીએ  તો  સમજાય કે ખીસા ખાલી હોય તો ઝભલું ક્ષણવારમાં કફન બની જાય છે. ખીસું જન્મ કે મૃત્યુની જરુરીયાત નથી, જીન્દગીની જરુરીયાત છે. સીનેમા હૉલમાંથી બહાર નીકળ્યા પછી ટીકીટનું અડધીયું ઉપયોગી રહેતું નથી. જીન્દગીનો 'શો' પતે પછી ચલણી નોટ, સીનેમાની  ટીકીટના અડધીયા જેવી બની રહે છે.

એવી જ વાત બેફામ સાહેબે કહી છે. 'બેફામ, તોય કેટલું થાકી જવું પડયું, નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી !' આવું ચબરાકીયું ચીંતન સાંભળી દીલ કીલ્લોલી ઉઠે. પણ પછી દીમાગ બોલી ઉઠે–ખોટી વાત ! ઘરમાંથી પગ ઉંચકીને માણસ બીજો પગ કબરમાં મુકતો નથી. ઘર અને કબર વચ્ચે પુરા કદની જીન્દગી પસાર કરવી પડે છે. એ રસ્તે માત્ર જીવવાનું નથી હોતું–ભાગવાનું, સંતાવાનું, રડવાનું, રીબાવાનું, શોષાવાનું – બધું જ કરવાનું હોય છે. ઘરથી સીધું જ કબરમાં જવાનું હોય તો થાક ન લાગે; પણ ઘર ઉત્તર ધ્રુવ પર હોય તો ? બચુભાઈએ  'બેફામ' માટે એક આવેદનપત્ર તૈયાર કર્યું છે; 'બેફામ, તમારે કેમ જુઠું લખવું પડયું ? નહીં તો પુરી જીન્દગી વીસ્તરી છે ઘરથી કબર સુધી !'

અમે ભણતા ત્યારે અંગ્રેજીમાં એક પાઠ હતો. 'હાઉ મચ લૅન્ડ ડઝ  એ મેન નીડ ?' (માણસને કેટલી જમીનની જરૂર હોય છે ?) એના લેખક સંભવતઃ મોપાસાં હતા. સુરજ ઉગે ત્યારથી આથમે ત્યાં સુધીમાં માણસ ચાલીને જેટલી જમીન કવર કરે તે બધી તેને વીના મુલ્યે મળી જાય એવી શરત હતી. એક માણસ લોભી બની વધુને વધુ જમીન કવર કરવાની લાયમાં સુરજ ડુબતાં સુધી ચાલ્યે રાખે છે ( *સુર્ય આથમતાં સુધીમાં કઈ રીતે પાછો ફરીશ ? મુળ સ્થાને આવવા પાછો હજી વળતો નથી ! – મનસુખ નારીયા* ) અને અંતે મૃત્યુ પામે છે. તેને છ ફુટ ખાડો ખોદી દફનાવવામાં આવે છે. લેખક અંતે પુછે છે– 'આખરે માણસને કેટલી જમીનની જરુર હોય છે ?' અહીં વ્યંજનાત્મક રીતે લેખક સુચવે છે, 'માણસે લોભ કરવો જોઈએ નહીં' કથાસંદેશની દૃષ્ટીએ  એ યોગ્ય છે. નહીંતર સત્ય એ છે કે માણસનો મૃતદેહ છ ફુટની કબરમાં સમાઈ શકે; પણ પુરી જીન્દગી જીવવા માટે તો એને છસો ચોરસફુટ પણ ઓછા પડે.

ખેર, જેમનાં પેટ બાસુંદીથી ભર્યા હોય તેઓ કહે છેઃ 'ગરીબની ભડકીમાં જે સુખ છે તે અમીરોની બાસુંદીમાં નથી !' આ પણ એક  *છળચીંતન*  છે. ભડકી ગરીબોનો વૈભવ નથી; મજબૂરી છે. સંસારના લાખો ગરીબો  ચટણી–રોટલો ખાઈને જીવે છે. તેથી ચટણી અને રોટલો સુખનાં પ્રતીક બની જતાં નથી. ગરીબ માણસો આવી *'પુઅર ક્લાસ ફીલોસોફી'* વડે મન મનાવે છે. અન્યથા મનને છાને ખુણે તેઓ અનુભવે છે કે ભર ઉનાળામાં પતરાંના ડેલામાં સુવા કરતાં એ.સી. રુમમાં સુવાની જ મજા આવે. સંસારની સુખસાહ્યબીમાં જે મજા છે તે સાધુની સાદગીમાં નથી. સાદાઈથી જીવવું એ વ્યકતીના અંગત વીચારો હોઈ શકે. પરંતુ તે કારણે એસી, ટીવી, કાર, વીડીયો, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, મોબાઈલ એ સર્વ

ભૌતિક સુખો નીરર્થક છે એમ માનવું ભુલભરેલું છે. સત્ય એ છે કે બધાં સુખોમાં આનંદ સમાયેલો છે. સંસાર છોડી સાધુ બનેલા સ્વામીઓ કે બાબાઓ બધાં જ સુખો ભોગવે છે. સંસારની માયા અને સુખસુવીધા છોડવાનું પ્રબોધતા સાધુઓ પોતે જ પુરેપુરું તેમ કરી શક્યા હોતા નથી. તેમના આશ્રમમાં ટીવી જ નહીં; વીસીઆર પણ હોય છે. અને સંસારીના ઘરમાં ન હોય તેવી સીડીઓ પણ હોય છે. એસી કાર વીના તેઓ મુસાફરી કરતા નથી.

*રૅશનાલીઝમની ઈમારત નક્કર સત્ય અને વાસ્તવીકતાના બીમ–કૉલમ પર ઉભી છે.* ચાલો, જીવનમાં વ્યાપક બનેલી એવી ઘણી *ઈરરૅશનલ અફવાઓને* ફગાવી દઈએ. જેમ કે (૧) પૈસો હાથનો મેલ છે. એને કુતરાંય સુંઘતાં નથી. (૨) હંમેશાં સત્યનો જ જય થાય છે. (૩) ગરીબો પ્રામાણીક હોય છે. (૪) દેશના બધા જ રાજકારણીઓ દુષ્ટ અને ભ્રષ્ટાચારી જ હોય છે. (૫) સંસારની મોહમાયા છોડી ઈશ્વરને ભજશો તો જ જીવનનું કલ્યાણ થશે. (૬) વ્રત, ઉપવાસ, કથા, કીર્તન કરવાથી મોક્ષ મળે છે. (૭) જે મજા સંસારનો ત્યાગ કરીને પ્રભુભજન કરવામાં છે તે સંસારમાં નથી. (૮) ઈશ્વર સંસારીઓને નહીં સાધુ, સંતો અને ધર્મગુરુઓને પ્રેમ કરે છે. એથી ગુરુ કર્યા વીના મોક્ષપ્રાપ્તી થતી નથી. (૯) બ્રહ્મચર્ય પાળનાર વધુ શક્તીશાળી અને તેજસ્વી હોય છે. (૧૦) મર્યા પછી શ્રાદ્ધ ન કરો તો જીવ અવગતે જાય છે.

દોસ્તો, આ યાદી હજી લાંબી થઈ શકે; પણ તેનો કશો ફાયદો નથી. માનવીએ પરાણે ઝાલી રાખેલા જર્જરીત જુઠાણાંઓનો અહેવાલ તૈયાર કરવામાં મહેનત કરીએ તો એ અંધકાર માટે તપાસપંચ નીમવા જેવી ભુલ ગણાય. ઉત્તમ એ જ કે સત્યની દીવાદાંડી તરફ જ ધ્યાન કેન્દ્રીત કરીએ. સત્યનો સુરજ મધ્યાહ્ને તપશે તો અજ્ઞાનનાં અંધારાં એની મેળે દુર થશે.

## ધુપછાંવ

માણસને મીઠું અસત્ય ગમે છે. કડવું સત્ય નથી ગમતું. જુઠી પ્રશંસા શીરાના કોળીયાની જેમ ગળે ઉતરી જાય છે. ટીકાનું ગોખરુ ગમે તેટલું ગુણકારી હોય તો પણ ગળે ઉતરતું નથી. અનુભવીઓ કહે છે કે, સંસાર એવો સાગર છે જે પાર કરવા માટે સત્યના સઢ ભેગાં અસત્યનાં હલેસાંયે જરુરી હોય છે.

– દીનેશ પાંચાલ

સુરતના દૈનીક 'ગુજરાત મીત્ર'ના તા. ૧૫ જુન ૨૦૦૮ના અંકમાં પ્રગટ થયેલી લેખકની કટાર 'જીવન સરીતાને તીરે' માંથી સાભાર...

લેખકસંપર્ક:

શ્રી દીનેશ પાંચાલ, સી-12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી- 396 445

ફોન: 02637– 242 098 સેલફોન: 94281 60508

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષ:** પાંચમું – **અંક:** 187 – March 14, 2010

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં સાભાર અક્ષરાંકન: **વીજેશ શુક્લ** - vijvan302@gmail.com

બે કાવ્યો

## માણસોની માગણીથી થાકી ગયેલા ઈશ્વરનું ગીત–

–મનસુખ નારીયા

હું હવે થાકી ગયો છું માણસોથી, રાત ને દીવસ સતત એ કંઈ ને કંઈ માગ્યા કરે;
બંધ આખે હાથ જોડે, શીશ ઝુકાવે, ઘુંટણીયાભેર થઈ જઈને પગે લાગ્યા કરે.
હું હવે થાકી ગયો છું માણસોથી....
ધુપ ને દીવા કરે, પુજન કરે, અર્ચન કરે છે ને કથા, કીર્તન, હવન, હોળી કરે,
મારી સર્જેલી પ્રસાદીથી જ લલચાવે મને, ફળ–ફુલ ને નીવેદ ને શ્રીફળ ધરે,
માગણીની રોજ માળા ફેરવે, મણકા ગણે ને કોથળીમાં હાથ સંતાડ્યા કરે...
હું હવે થાકી ગયો છું માણસોથી....

આ સકળ બ્રહ્માંડ ચૌદે લોકમાં નીવાસ મારો છે, ધરા–પાતાળને આકાશમાં,
તો પણ મને પુરે છે મન્દીર–મસ્જીદોની જેલમાં, છું હું ઘણા યુગોથી કારાવાસમાં;
હું એક ઉર્જારુપ છું ને સૌ અલગ નામે, અલગ રુપે હજારો ધર્મને સ્થાપ્યા કરે...
હું હવે થાકી ગયો છું માણસોથી....

માણસો સર્જીને કીધી ભુલ મેં, આ માણસો મારી પ્રતીમાઓ જ સર્જે છે હવે,
એ ડુબાડે છે, વીસર્જન પણ કરે છે, ઉત્સવો નામે સતત ઘોંઘાટ ગર્જે છે હવે,
રોજ શોભાયાત્રા કાઢે, ડીજે. સાઉન્ડના તાલે બધા જાહેરમાં નાચ્યા કરે...
હું હવે થાકી ગયો છું માણસોથી....

માગણી છે એડમીશન ને પરીક્ષામાં ટકા ને નોકરી–ધંધો, સગાઈ ને સીમન્ત,
બંગલો ને કાર, સીદ્ધી–સમ્પત્તી ને રોગમુક્તી, એવી અઢળક માગણીઓ છે અનન્ત,
એ મન્તરેલા દોરા–ધાગાઓ અને તાવીજ બાંધી મારી કાયમ માનતા માન્યા કરે...
હું હવે થાકી ગયો છું માણસોથી....

# આંખ ખુલે તો સારું !

– મનસુખ નારીયા

વહેલીમોડી આપણ સૌની આંખ ખુલે તો સારું !
નહીંતર સુરજ સામે જુઓ; તોય હશે અંધારું !

હોમ–હવનનાં કુંડાળાંનો રહ્યો છે ઘેરાવો,
વીચારોનાં માંદળીયાંઓ માણસને પે’રાવો
ક્યાં સુધી સૌ પીધા કરશે ચરણામૃતનો દારુ ? ... વહેલીમોડી આપણ સૌની...

ચમત્કારને નામે પોલંપોલ બધાયે ખેલ,
સમજી લે વીજ્ઞાન, બધાયે સામે છે ઉકેલ,
પુરાવા આધાર વગર કાં સ્વીકારે પરબારું ? ... વહેલીમોડી આપણ સૌની...

તું સદીઓએ બાંધેલા દોરા–ધાગાઓને છોડ,
તું વહેમો પાછળ ઉંધે માથે કર મા દોડંદોડ,
જે ઘેટાંઓની જેમ જીવે છે એને કેમ સુધારું ? ... વહેલીમોડી આપણ સૌની...

દુર દુરના ગ્રહો અમસ્તા તને જ શાથી નડે ?
જ્યોતીષ, વાસ્તુ, જંતરમંતર, ચક્કરમાં કાં પડે ?
અંધ બનેલી શ્રદ્ધાઓમાં કર મા જીવન ખારું.... વહેલીમોડી આપણ સૌની...

– મનસુખ નારીયા,
આચાર્ય, એ.વી.પટેલ હાઈસ્કુલ, વર્ષા સોસાયટી, માતાવાડી, વરાછા રોડ, સુરત – 395 006
(સભ્યઃ ‘સત્યશોધક સભા’)
ફોનઃ (0261) 254 5772 મોબાઈલ– 94268 12273 ઈ–મેઈલઃ vu2mnariya@gmail.com

@@@@@

All the Articles of previous 'Sunday e-Mahefil's can easily be downloaded from our website:
http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM
‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ પાંચમું – અંકઃ 187 – March 14, 2010
‘ઉંઝાજોડણી’માં અને ‘શ્રુતી’ ફોન્ટમાં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર- uttamgajjar@gmail.com